SAMVAD E-JOURNAL
ISSN : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-1, Special Issue-January: 2025
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

## 24. ઉત્તર ગુજરાતના લોકસાહિત્ય સંશોધક : ડૉ. પ્રેમજી પટેલ

*ડૉ. મુકેશપુરી એચ.સ્વામી*

પ્રેમજી પટેલ ઉત્તર ગુજરાતના જાણીતા સર્જક અને લોકસાહિત્યના સંશોધક - સંપાદક છે. સર્જક તરીકે લઘુકથા ક્ષેત્રે તેમણે આગવું પ્રદાન કરી પોતાની લઘુકથાકાર તરીકે જાણીતા બન્યા જ છે પણ સાથે સાથે ઉત્તર ગુજરાતના લોક સાહિત્ય ક્ષેત્રે સંશોધન અને સંપાદન થકી ઉત્તર ગુજરાતના એક નોંધપાત્ર લોકસાહિત્ય સંશોધક-સંપાદક તરીકે પણ આગવી ઓળખ ઊભી કરી છે. એમણે લોકવાર્તા ક્ષેત્રે કરેલ કાર્ય પ્રશંસનીય છે. ગુજરાતના વર્તમાન સમયના લોકસાહિત્યના સંશોધકો અને સંપાદકોમાં એમનું નામ પ્રથમ હરોળમાં મૂકવું પડે તેવું તેમનું કામ છે.

પ્રેમજી પટેલનું આખુ નામ પ્રેમાભાઈ સોમાભાઈ પટેલ છે. તેમનો જન્મ સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના ખેરોલ ગામે તા. 12-02-1955 ના રોજ થયો હતો. ખેડૂત પિતા સોમાભાઈ થોડું પ્રાથમિક શિક્ષણ પામેલા અને માતા મણિબહેન નિરક્ષર હતાં. કૃષક સોમાભાઈને પાંચ સંતાનોમાં સૌથી મોટાં પ્રેમજીભાઈ. તેમનો જન્મ અને ઉછેર ગ્રામ્ય પરિવેશમાં થયો હોવાથી ગ્રામ્ય જીવનનો અનુભવ એમણે ધરાઈને લીધો છે. ગામ સાથેનો તેમનો સબંધ અતૂટ છે. ગામડામાં રહીને તેમણે ત્યાંના લોકજીવન અને લોકસંસ્કૃતિના જીવંત ધબકારને ઝીલ્યો છે. સાથે સાથે ખેત સંસ્કારો પણ વારસામાં જ મળેલા હોવાથી ખેતર અને ખેતી સાથે તેઓ કાયમ જોડાયેલા રહ્યા છે. ગ્રામ્ય પરિવેશમાં ઉછેર, ગ્રામ્ય જીવનનો અનુભવ અને કૃષિ સાથેના જોડાણને કારણે તેમણે લોકસાહિત્યના ક્ષેત્રે પ્રવેશ કર્યો છે-તેમ તેઓ જણાવે છે.

તેમણે પ્રાથમિક શિક્ષણ વતન ખેરોલ ગામની શાળામાંથી મેળવ્યું.તેઓએ માધ્યમિક થી અનુસ્નાતક સુધીનું શિક્ષણ તલોદમાં લીધુ. તેમણે એમ.એ, એમ. ફીલ, પીએચ. ડી. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદમાંથી કર્યું. તેઓએ જે કોલેજમાં અભ્યાસ કરેલો તે આર્ટ્સ એન્ડ કોમર્સ કોલજ, તલોદમાં ગુજરાતી વિષયના અધ્યાયક તરીકે ફરજ બજાવી. તલોદની કોલેજમાં વર્ષો સુધી ગુજરાતી વિષયના અધ્યાયક તરીકે કાર્યરત રહી છેક ઇ.સ. ૨૦૧૭માં તેઓ વયનિવૃત્ત થયા. તેઓ બાળપણથી માંડીને હાલના નિવૃત્ત જીવન સુધીમાં મોટાભાગે વતનમાં જ રહ્યા. પ્રેમજી પટેલે તલોદ આસપાસના વિસ્તારોમાં ક્ષેત્રકાર્ય કરીને ત્યાંની પ્રચલિત લોક્કથાઓ, લોકવાર્તાઓ, લોકગીતો વગેરેના સંપાદન ગ્રંથો આપ્યા છે.

# પ્રેમજી પટેલનું લોકસાહિત્ય ક્ષેત્રે પ્રદાન :

પ્રેમજી પટેલે ઉત્તર ગુજરાતના લોક- સાહિત્યના સંશોધન- સંપાદન ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી કરી છે. ઈ.સ.૧૯૯૬થી લોકસાહિત્ય તરફ તેમનું ધ્યાન ખેંચાયું. તેઓ રસથી પોતાની સૂઝ મુજબ આ ક્ષેત્રે સક્રિય થયા અને ક્ષેત્રકાર્ષ કરતા રહ્યા.તલોદ અને તેની આજુબાજુના વિસ્તારોમાં ફરી-ફરીને માહિતીદાતાઓ શોધી, એમની પાસેથી લોકકથાઓ,લોકવાર્તાઓ,લોકગીતો વગેરે સાંભળીને તેને સંગ્રહિત કર્યાં છે.ક્ષેત્રકાર્યના પ્રવાસ માટે તેમણે સ્કુટરનો ઉપયોગ કર્યો છે. માહિતીના સંગ્રહ માટે ધ્વનિમુદ્રણયંત્રનો પણ ઉપયોગ કર્યો છે. તેમણે માહિતીદાતાઓ પાસેથી મેળવેલ માહિતીને ધ્વનિમુદ્રિત કરી છે અને પછી એને લિપિબધ્ધ કરીને પુસ્તકોમાં સંપાદિત કરી છે. સ્વ જયંતિભાઈ પટેલ (ગુજરાત વિદ્યાપીઠ), ડૉ.સી.પી.પટેલ,ડૉ. સુમન શાહ,પ્રો. કનુભાઈ જાની જેવા ગુરુજનોના દિશાસૂચનથી લોકસાહિત્યમાં રસ પડયો હોવાનું તેઓ જણાવે છે.

તેમણે લોકસાહિત્યના સંશોધન અને સંપાદન ક્ષેત્રે જે કામગીરી કરી છે તે નીચે મુજબ છે :

(1) 'ચૌદલોક'(1998) , (2) 'લોકજણસ'(2000), (3) 'અમીલોક'(2007),
(4) 'દિવાસાનું પરબ અને તેનાં ગીતો'(2013), (5) ' લોકમણિ'(2021),

(6) 'ભગવાનદાસ પટેલના આદિવાસી લોકસાહિત્ય વિશેના લેખો' (2023)

(1) 'ચૌદલોક'(1998):

પ્રેમજી પટેલનું આ લોકસાહિત્ય વિષયક પ્રથમ સંપાદન છે. પ્રસ્તુત સંપાદનમાં ટોડ, રેળી, પખાજિયા, ભરેલો, શલોકો અને લોકવાર્તા જેવા છ સ્વરૂપોની ચર્ચા કરી છે. જેમાં સૌ પ્રથમ 'ટોડ'નું વર્ણન છે. આ 'ટોડ' એ રાવળ જ્ઞાતિના ભાઈઓ દ્વારા નવરાત્રિના સમયે રજૂ થતું લોકનાટ્ય છે.આ 'ટોડ' રાવળ જ્ઞાતિના ભાઈઓ ખાસ કરીને નવરાત્રિમાં રમે છે.આ 'ટોડ'રમવા માટે રાવળો માતાના મંદિરમાં કે ચોકમાં કે ગામ-પરગામ જઈને દસ- પંદર પાત્રોની મદદથી રમે છે. ત્યારબાદ માતાજીની ભક્તિ કરે છે. અહીં 'ગણેશ પરમેશ્વર', 'કુંભાર' 'વાઘરીયા વંશની મેલડી', 'ઘેલીયો વાઘરી', 'વીરચન હીરચનની મા', 'ભાથીજી મહારાજ - ગામ ટોડાનો દેવતા'વિશેના ટોડ છે. આ વેશો ભજવતી વખતે ખાસ કરીને વાજિંત્રોનો પણ ઉપયોગ કરવામાં આપે છે 'ટોડ'ને ઘણા લોકો 'માતાજીનો રથ' કે 'ઝો ઘોડો'એવા નામોથી પણ ઓળખે છે. બીજા સ્વરૂપમાં ગોગાની રેળી(રેગડી)નો સમાવેશ થાય છે. લોકાખ્યાનોમાં 'સીતાખ્યાન' અને 'અભિમન્યુ આખ્યાન' મૂકાયા છે. ત્રીજા સ્વરૂપમાં વહેલી સવારે કુવાનું પાણી સીંચવા માટે જોડાતા કોસ પર ખેડૂતો દ્વારા ગવાતા 'ભરેલા' છે.ભરેલા પછી ચોથા નંબરે રાવળ જ્ઞાતિમાં લગ્નપ્રસંગે ગવાતા શલોકા છે.ત્યારબાદ ઓગણીસ લોકવાર્તાઓ મૂકાઈ છે. જેમાં 'તૈણ માની વારતા', 'અમરસંગ આખલીવાળા', ' મોટું કુણ', ' કોના નસીબનું', 'કુદરતનો ન્યાય', 'બુધ્ધિની વહેંચણી', 'સાચો ન્યાય', 'દીપા ઝાંપડીની વાત', 'ફરા રોટલાનું પુન', 'વાંદરા ભૈની વાત', 'કાળજુ', 'પતિ કોણ?', 'નાગ અને વેઢ', 'ભલો અને ભૂંડો', 'ઓલાભઈની વાત', 'ચાર ભાઈબંધો', 'આજેય માતા તો છે', 'તલ કાળા તલ ધોળા', 'ટાઢી કમૉણી' - આ ઓગણીસ નાની-મોટી વાર્તાઓ સંપાદિત કરીને મૂકી છે.

આ સંપાદનના અંતે ત્રણ પરિશિષ્ટ પણ મૂક્યા છે. જેમાં પહેલા પરિશિષ્ટમાં માહિતીદાતાઓનો પરિચય અને તેમની વાતો, બીજા પરિશિષ્ટમાં ટોડ, રેળી, લોકાખ્યાન વગેરે સ્વરૂપો વિશે ચર્ચા કરી છે. ત્રીજા પરિશિષ્ટમાં અનુસૂચિત વિવેચન લેખો અંતર્ગત દીપક પટેલ, એમ. આઈ. પટેલ તથા નિરંજન રાજ્યગુરુના લેખો મૂક્યા છે. જે આ સંપાદનગ્રંથને સમજવા, મૂલવવાની ચાવી પૂરી પાડે છે.

તેમના આ પુસ્તકને ઇ.સ ૧૯૯૮માં ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા પુરસ્કાર મળેલ છે.આ પુસ્તકને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અભ્યાસક્રમમાં સામેલ કરવામાં આવેલ હતું.

(2) 'લોકજણસ'(2000):

પ્રેમજી પટેલે સાબરકાંઠાના તલોદ પંથકની બોલીમાં કથાતી લોકવાર્તાઓને ક્ષેત્રકાર્ય દ્વારા મેળવી અહીં મૂકી છે.સંપાદકે અહીં પ્રસ્તુત લોકકથાઓ મુખ્યત્વે તલોદ આજુબાજુના વિસ્તારોમાં બોલાતી તળપદી લોકબોલીમાં પ્રયોજી છે. તેને સંપાદક 'લોકજણસ' રૂપે ઓળખાવે છે. 'જણસ' નો અર્થ આપતાં પ્રાગજીભાઈ ભામ્ભી પ્રસ્તાવનારૂપી લેખ 'મોંઘી જણસ'માં કહે છે, " જણસ એટલે કરોડપતિની પૂત્રી કે પુત્રવધૂએ પહેરેલો હીરાનો હાર નહિ, પણ જણસ એટલે વ્હાલી વસ્તુ. જણસ એટલે કોટ્યોમાં માદળિયા, હાંસડી, પગના ઝાંઝર, આંગળીઓના વેઢ, કાનનાં લોળિયા, અને લોકસાહિત્યની જણસ એટલે પ્રેમજીભાઈએ આપી છે તેવી લોકકથાઓ."

આ લોકકથાઓ મેળવવા માટે તેમને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડેલો. ક્ષેત્રકાર્ય દરમ્યાન થયેલા વિવિધ અનુભવોને પુસ્તકના પ્રારંભમાં 'પોટલી ખોલતાં ખોલતાં...' લેખમાં વિગતે મૂક્યા છે. સૌ પ્રથમ તો વાર્તા કથકને શોધવા, ત્યારબાદ તેમની પાસેથી વાર્તા કઢાવવા કરવી પડેલી મથામણ. તો કેટલીકવાર દૂર સુધી આંટાફેરા કરીને ખાલી હાથે પાછા ફરવું પડતું.સંપાદક આ વિશે પોતાના સ્વમુખે વાત કરતાં કહે છે, "આ બધા પાછળ ન કલ્પેલો સમય, ન ધારેલો ખર્ચ, ન ધારેલા ફેરા, અને છતાંય નાનકડી ડબ્બીમાં સમાય તેટલું લઈને પાછા આવવાનું બને છે. જો કે જણસ તો એક, બે કે ચાર તોલાની જ હોય ને."

આ સંગ્રહમાં કુલ અગિયાર વાર્તાઓ છે. જેમાં 'હંસ-હંસલીની વાર્તા', 'પાંચ રૂપિયા', 'ચિત્રસેન અને ચંદ્રિકા', 'પંચાલોની છોડી', 'ગુલબંકાવરીનું ફૂલ', 'સ્ત્રી ચરિત્ર','ગંગા-જમના', 'ભલભલી દુનિયા', 'ઓણિયા અને ઠાકોરની વાત', 'અજીપા રોણીની વાત' અને છેલ્લે ભાગવતના અંશ મૂક્યા છે. તેમા ઉલાટિયા ભજનો પદ્ય અને ગદ્યમાં રજૂ થયેલા જોવા મળે છે.

આ સંપાદકે સંગ્રહના અંતે જે માહિતીદાતાઓ પાસેથી આ વાર્તાઓ સાંભળીને લિપિબધ્ધ કરીને મૂકી છે, તે વાર્તાકથકોના ઓળખ સાથેનાં રેખાચિત્રો મૂક્યાં છે. પ્રેમજીભાઈએ જે વાર્તાકથકો પાસેથી આ વાર્તાઓ મેળવી છે તેમાં મોટાભાગના વૃધ્ધ છે. એથીજ એમની પાસેથી

વાર્તા કઢાવતી વખતે તેમને ઘણી મુશ્કેલીઓ વેઠવી પડેલી. સંપાદકે દરેક વાર્તાઓના અંતે લાકબોલીમાંથી ફલિત થતા એવા શબ્દાર્થ પણ આપ્યા છે. જે તેમના આ સંપાદનને શુધ્ધ અને શ્રદ્ધેય ગણી શકાય. તેમના આ પુસ્તકને પણ ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા પુરસ્કાર એનાયત થયો છે. આ પુસ્તક પણ ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના એમ. એ. ના અભ્યાસક્રમમાં મૂકવામાં આવેલ હતું.

(3) 'અમીલોક'(2007):

'અમીલોક' એ પ્રેમજી પટેલનો 'ચૌદલોક'અને 'લોકજણસ'પછીનો ત્રીજો સંચય છે. આ સંપાદનમાં સમાવિષ્ટ બેતાલીસ લોકવાર્તાઓમાં કેટલીક લોકવાર્તા સ્વરૂપની દીર્ઘ વાર્તાઓ છે, તો કેટલીક ટૂચકા - ઓઠાં સ્વરૂપની છે. જેમાં ' રોમ-રોમ', 'વાણિયા ન હાત ચોર','અંધેરી નગરી','શેખચલ્લી','તીસમારખાં','બે ડોશી અને ભગવાન','શિયાળ - શિયાળવો','સોનબા', 'ઠાકોર અને રાક્ષસ','નીલ અને શાયર','ડાહીમાની દીકરી','અમ્મર', 'સોનેરી વાળ', 'શંકર-પાર્વતી' વગેરે 'Folk tale' સ્વરૂપની વાર્તાઓ છે. તો 'આચરણ બડા દેવ','ગુરુને ઘટમાં રાખો','વેલીબઈ','હૂંઢેલ', 'દરજેણ','હથેળીમાં વાળ','હોનાનો મોર', 'દરજીની વાત','મુરખો','છોકરી અને છોકરો','કાગડાભાઈ અને ઓલાભઈ','લેખ ઉપર મેખ','તારો બાપ', 'બાંડો ગધેડો અને વાઘ','વેર વાળ્યું','તબડક તબડક','હાતભૂતોની વાર્તા','ઠાકોર અને ઠકરોણી','ત્રેવડ ત્રીજો ભાઈ','બાસમતીનો પકવનાર', 'ખોબો દોણાં', 'અકળલીલા' વગેરે ટૂચકા - ઓઠા સ્વરૂપની છે.અહીં પ્રસ્તુત બંને સ્વરૂપની વાર્તાઓમાં કેટલીક વાર્તાઓમાંથી સારો એવો બોધપાઠ અને શિખામણ મળી રહે છે. તો કેટલીક વાર્તાઓમાંથી ચમત્કાર, કાલ્પનિકતાનું દર્શન થાય છે. તો વળી, બીજી કેટલીક વાર્તાઓમાંથી વેર-ભાવના, દગો, ખૂન, અંધવિશ્વાસ વગેરેનું નિરૂપણ થયેલું જોવા મળે છે.

'અમીલોક'માંની કેટલીક વાર્તાઓ અગાઉ સંપાદિત થઈ ગયેલ છે. તેમ છતાં સંપાદકે તુલનાત્મક દ્રષ્ટિએ વાર્તાઓ આ પુસ્તકમાં મૂકી છે. તેમના જ શબ્દોમાં જોઈએ- "અહીં કેટલીક લોકકથાઓ એવી જણાશે કે આપણે ત્યાં થયેલા અગાઉના સંપાદનોમાં હશે પરંતુ જે તે લોકવાર્તા અહીં કેવા સ્વરૂપે અને કેવી કથનીમાં આવી છે તે જોવાનું ગમશે. સાથે સાથે છેક દક્ષિણ ગુજરાતમાં કે અન્ય સ્થળોમાં તે કેવા રૂપે મળેલી છે તે સરખાવવાનું ય બની શકે. તેથી અહીં સંપાદિત કરી છે."

'અમીલોક'ના નિવેદનમાં સંપાદકે લોકકથાનું ક્ષેત્રકાર્ય અને સંપાદન કેવી રીતે કરવું તેની પધ્ધતિ અને સંપાદકે સંપાદન કાર્ય કરતાં કેવી ચીવટ રાખવી તે અંગે બહુમૂલ્ય સૂચનો કર્યાં છે. જે પથદર્શક બની રહે તેમ છે.

'અમીલોક'પુસ્તકની પ્રસ્તાવના હસુ યાજ્ઞિકે લખી છે. તેઓ આ સંગ્રહને 'ત્રીજુ મીઠું ફળ' કહીને આવકારે છે. પ્રેમજીભાઈએ આ વાર્તાઓ જે જે વાર્તાકથકો પાસેથી સાંભળી તેને તે જ બોલીમાં, તેના મૂળ સ્વરૂપમાં જ સંપાદિત કરી છે. સંપાદકે વાર્તાકથકોનાં નામ, ગામ, ઉમર એકલાં જ નથી દર્શાવ્યા પરંતુ તેના જીવન સાથે સંકળાયેલી મહત્ત્વની બાબતોનો પણ આછકલો પરિચય આપ્યો છે. તેમના મૂળ પરિચય સાથે શબ્દચિત્રો આપ્યાં છે. લોકવાર્તાની બોલીમાંથી ફલિત થતા અઘરા શબ્દોના અર્થ પણ આપ્યા છે. જેમાં પ્રેમજી પટેલની સંપાદક તરીકેની કાર્યક્ષમતા, સજજતા અને નિપૂણતાનું દર્શન થાય છે.

(4) 'દિવાસાનું પરબ અને તેનાં ગીતો'(2013) :

પ્રેમજી પટેલ પાસેથી ત્રણ લોકકથા સંપાદનો બાદ 'દિવાસાનું પરબ અને તેનાં ગીતો' નામે દિવાસાનાં ગીતોનું શાસ્ત્રીય સંપાદન મળે છે. જેને લોકસાહિત્યવિદ ડો. ભગવાનદાસ પટેલ 'લોકસાહિત્ય ક્ષેત્રે દિવાસાનાં ગીતોનું સર્વપ્રથમ શાસ્ત્રીય સંપાદન...' કહીને પોંખે છે. આ સંગ્રહની પ્રસ્તાવના ડૉ. ભગવાનદાસ પટેલે લખી છે. આ સંગ્રહમાં દિવાસાના પરબનાં કુલ ૮૦ ગીતો સંગહિત કર્યા છે. ખૂબ જ ખંતથી અને ધીરજપૂર્વક કરાયેલા આ સંપાદનમાં દિવાસાના નામે ઉજવાતા પર્વની પૂરી વિગત અને તેમાં ગવાતાં લોકગીતોને સંપાદિત કર્યાં છે. જેમાં ઉત્તર ગુજરાતના સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાની આજુબાજુના વિસ્તારને કાર્યક્ષેત્ર તરીકે પસંદ કર્યુ છે

પ્રેમજી પટેલે આ સંપાદન ગ્રંથની શરૂઆતમાં 'દિવાસાના પર્વ વિશે' પ્રસ્તાવના આપી, દિવાસાના પર્વનો અથતિઈતી સુધીનો ગહન અભ્યાસ લેખ મુકાયો છે. તો તેમાં વિવિધ શબ્દકોશોમાં 'દિવાસો' શબ્દના કોશગત અર્થને જોઈ-તપાસી શાસ્ત્રીય રીતે તેને સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કર્યો છે.આ બધામાંથી પસાર થયા પછી, લોકમુખે થતા વિધ-વિધ લોકમતોને રજૂ કરાયા છે. તો આ સંશાધનની સાથે સાથે આ વિષયમાં રહેલી બીજી કેટલીક અન્ય શક્યતાઓને પણણ ખોલી આપે છે. જેમાં આ દિવાસાના પર્વનું વિવિધ સમાજોમાં સ્થાન, મહત્વ અને ઉજવણીના અભ્યાસ સંદર્ભે પણ આંગળી ચીંધી બતાવી છે.

પ્રેમજી પટેલે તલોદ તાલુકાના આજુબાજુના ક્ષત્રિય સમાજમાં ઉજવાતા દિવાસાના પર્વનું મહત્ત્વ, તેનાં વિધિ - વિધાનો અને તે સમયે ગવાતાં ગીતો વિશે ઉંડાણપૂર્વક શાસ્ત્રીય સંશોધન - સંપાદન કર્યું છે. તેઓ આ વિસ્તારના ક્ષત્રિય સમાજમાં ઉજવાતા આ પર્વની વાત કરતાં નોંધે છે કે, "દિવાસાના દિવસે સરસ રસોઈ બનાવી - બધી હિંદુ જ્ઞાતિઓ ઉજવણી કરે છે. એક શુભ પર્વ તરીકે ઉજેડિયા, વક્તાપુર, સલાટપુર, વરવાડ, દાદરડા, લીંબ - ઉંટરડ, બડોદરા- ખાખરા વગેરે ગામોમાં ક્ષત્રિય સમાજનાં કુટુંબો પોતાની રીતે- વિશેષ ભાવથી ઉજવે છે. તે લોકોનો જાણે કે વિશિષ્ટ તહેવાર છે...વરસ સારું જાય એવી માન્યતાઓ પણ છે..." આ આખુંય પર્વ આ વિસ્તારના કૃષિકાર્ય સાથે સંકળાયેલું છે. લોકજીવનના આ અનેરા પર્વને સંપાદકે અહીં અક્ષરદેહે અવતાર્યું - સંપાદિત કર્યું છે.

આ વ્રતની ઉજવણી એક જ દિવસની છે, પણ એનો મહિમા અનેરો છે. એક અઠવાડિયા અગાઉથી એની તૈયારીઓ ચાલે છે. મુખ્યત્વે 'જવારા'ની વાવણીથી શરૂ કરી 'જવારા'ની જળ પધરામણી સુધીની ક્રિયા ચાલે છે. તેને સંશોધકે ચાર મુદ્દાઓમાં વહેંચી છે : (1) જવારા વાવણી, (2) 'કુંવાસી' કન્યાઓએ પાળવાના નિયમો અને વિધિઓ, (3) પૂજન અને (4) દિવાસો અને જવારાની પધરામણી. અહીં 'પાર્વતીવ્રત' કે 'ગૌરીવ્રત' કરતાં આ જવારા વાવવાની રીત જરા અલગ પ્રકારની છે.

મૂળ જવારા વાવવાની આખી પ્રક્રિયા અમાસથી અગાઉ વદ છઠ કે વદ - આઠમ એમ સાતવારિયા કે નવવારિયાના દિવસે કરવામાં આવે છે. ઘેર ઘેર ફરીને ઘઉં, જવ, તલ, ડાંગર, કઠોળ ઈત્યાદી 'સાતસળા'નુ અનાજ ભેગું કરવામાં આવે છે.તે અનાજ શલાવડાં (માટીનાં મોટાં કોડિયાં)માં વાવવામાં આવે છે. આ આખીય પ્રક્રિયા દરમિયાન ઘેર- ઘેરથી અનાજ ભેગું કરતી વખતે, ઉકરડે ખાતર લેવા જતી વખતે - આવતી વખતે, કેટલાક નિશ્ચિત ગીતો ગવાય છે. જેમકે ખાતર લેવા જતી વખતે-

"ગંગાજીમાં તારો ઊગ્યો મારા રાજ
નગરીમાં અજવાળું શેનું મારા રાજ!"

આ આખોય પ્રસંગ ઉકેલવા જે રૂપિયા કે વસ્તુની જરૂર પડે તે તેની પૂર્તિ ગામના વડીલ વર્ગની જ રહે છે. એનું ગીત પણ ગવાય છે. જવારા વાવ્યાના બે દિવસ પછી એટલે કે નોમની તિથિથી ગામના ચોકમાં બહેનો એકઠી થાય છે. તેઓ ગીત ગાતાં-ગાતાં નદી,તળાવ કે કુવા પાદર પરથી પાણી લાવીને જવારાને સિંચે છે.ત્યારબાદ કુમકુમ, અગરબત્તીથી જવારાની પૂજા કરે છે. જવારા વાવવાની સાથે કન્યાઓ કેટલાક નિયમો સાથે વ્રત પાળે છે.એક ટાણું ભોજન - ભોજનમાં લીલવણ શાક, અમુક ફળફળાદિ લઈ શકાતી નથી. માથાના વાળ ઓળાવતી નથી.આ વિશે તેમની માન્યતાઓ છે. સંપાદકે પણ એને સમર્થન આપ્યું છે. મૂળ તો વ્રત - નિયમ દ્વારા કન્યાઓને જે ઘરે જવાનું છે ત્યાંની પરિસ્થિતિ પ્રમાણે રહેતાં શિખવવા માટેનો પ્રયત્ન છે. જીવનની અદભુત ફિલોસોફી અહીં ઉજાગર થાય છે. જવારાને પાણી સિંચવાનો - પૂજા કરવાનો નિત્યક્રમ બારસ સુધી ચાલે છે. તેરસનો દિવસ પડતર રાખવામાં આવે છે. ચૌદસના દિવસે નકોરડો ઉપવાસ અને જાગરણ હોય છે. અંતે અમાસનો દિવસ આખાય ગામનો અવસર બને છે. એ દિવસે જવારાની જળ પધરામણી કરવામાં આવે છે. અહીં કૃષિના સારા ભાવની કામના વ્યક્ત થાય છે. આ પ્રસંગે ગાણાં તો ગવાતાં જ રહે છે. તેની સંખ્યા ૮૦ કરતાંયે વધારે છે.

આમ, ગુજરાતી લોકસાહિત્યમાં આ સંશોધન- સંપાદન ગ્રંથ એક નોખી ભાત પાડનારો બની રહે છે.

(5) 'લોકમણિ' (2021) :

પ્રેમજી પટેલ લોકપારખુ અને લોકની વચ્ચે રહીને તેમના લોકસાહિત્યને ઉજાગર કરતા વિદ્વાન સંશોધક- સંપાદક છે. ખૂબજ ધીરજ અને ચીવટથી તેઓ શાસ્ત્રીય ઢબે લોકસાહિત્ય સંશોધન - સંપાદન કાર્ય કરતા રહ્યા છે.તેઓ સમયાંતરે ઉત્તર ગુજરાતના લોકસાહિત્ય અંગેના સત્વશીલ ગ્રંથો આપતા રહ્યા છે. આ અગાઉ તેમણે ચારેક સંગ્રહો આપ્યા છે.ત્યારપછીનું આ પાંચમું સોપાન 'લોકમણિ' નામનો સંગ્રહ છે.પ્રેમજી પટેલનો આ 'લોકમણિ' સંગ્રહ લોકકથા વિષયક છે. આ સંગ્રહમાં તેમણે 33 જેટલી લોકવાર્તાઓને સંગ્રહિત કરી છે. જેમાં 'શેઠ અનં ખેડૂત', 'ઘાંચી અને વકીલ', ' ગપ્પાં', 'શિયાળની શરદી', 'સોનાનો અને લોઢાનો કટકો', 'બાવો અને પાડો', 'સિંહની કેશવાળી', 'પનો લે પરોરીયું તો બેન લે હમી હૉઝ', 'આપડાવાળાં', 'બૂટ', 'પહેરણ', 'લેખ ઉપર મેખ', 'ઈશાનની વીજળી થઈ તે ઑહરી જઈ વિસરાઈ', 'ઉકો', 'બોલવાની રીત', 'ઊગઅં તો જૉણંન...!', 'દરજીઓની જાન', 'ઉં વધ્યો એકલો', 'દેવતા', 'સિતુબાઈની વાર્તા', 'ટૅટોરો અને મહાસાગર', 'ઠાકોર અને કવિ', 'મૉણસની વસ્તી', 'સુગંદ', 'ઉઘરૉણી', 'ઋણ', 'ઠાકોરની છોરી', 'પલકમેં ખુદા ચાહે તે કરતે', 'પઈનો પગારદાર', 'હાત

ગ્રહ', 'ચંદનસેન અને બુધ્ધિસાગર', 'હંસની વાર્તા' અને 'અંગૂઠિયો બાવો' નો સમાવેશ થાય છે. સંગ્રહના અંતે દશ માહિતીદાતાઓનો વિગતે પરિચય પણ આપ્યો છે. તલોદ આજુબાજુના પ્રદેશની લોકબોલીમાં રજૂ થયેલ આ લોકવાર્તાઓને સમજવામાં થોડી તકલીફ પડી શકે છે. આ અંગે સંશોધક પોતે પ્રસ્તાવનામાં જણાવે છે કે, " આ લોક્વાર્તાઓ તળબોલીમાં હોવાથી ક્યારેક ક્યાંક વિઘ્નકર લાગે પણ મિષ્ટ ટોપરું ખાવું હોય તો નારિયેળનાં છોડિયાં છોલવાં પડે,તેને ફોડવું પડે અને કાચલીથી બહાર કાઢવાની કડાકૂટ કરવી જ રહે." આમ, લોકબોલી આ સંગ્રહની મર્યાદા નહિ પરંતુ તેની આગવી ઓળખ બની રહે છે. એવી જ રીતે આ લોક્વાર્તાઓનો સંગ્રહ એમની લોકસાહિત્યના સંશોધક - સંપાદક તરીકેની પણ આગવી ઓળખ ઊભી કરી આપે છે. કહો કે તેમના લોક્વાર્તા ક્ષેત્રના સંશોધન - સંપાદન કાર્યમાં આ સંગ્રહ 'મણિ' બનીને પોતાનો આગવો પ્રકાશ ફેલાવી રહ્યો છે.

(6) 'ભગવાનદાસ પટેલના આદિવાસી લોકસાહિત્ય વિશેના લેખો' (2023):

ભગવાનદાસ પટેલ ઉત્તર ગુજરાતના એક જાણીતા લોક સાહિત્ય સંશોધક છે. તેમણે ખાસ કરીને ઉત્તર ગુજરાતના પૂર્વીય પ્રદેશમાં વસવાટ કરતા આદિવાસી સમાજની લોકસંસ્કૃતિ અને લોકસાહિત્ય વિશે બહુ ઊંડાણ પૂર્વકનું સંશોધન કાર્ય કર્યું છે. તેમણે આદિવાસી વિસ્તારોમાં ફરીને તેમની સંસ્કૃતિ, રીતિ-રિવાજ, માન્યતાઓ, પરંપરાઓ, મૌખિક કથાઓ, વાર્તાઓ,લોકગીતો વગેરેનું સંશોધન અને સંપાદન કર્યું છે. એના અનેક ગ્રંથો તેમણે આપ્યા છે. પ્રેમજી પટેલે ઉત્તર ગુજરાતના આ જાણીતા આદિવાસી લોકસાહિત્યના સંશોધકે આદિવાસી લોક સાહિત્ય ક્ષેત્રે જે બહુમૂલું પ્રદાન કર્યું છે અને પુસ્તકો સિવાય જે લેખો લખેલ છે, તેનો સંચય આ ગ્રંથમાં કરવામાં આવ્યો છે.

આમ, પ્રેમજી પટેલના ઉત્તર ગુજરાતના લોકસાહિત્ય સંશોધન - સંપાદન ક્ષેત્રના પ્રદાનને જોતાં કહી શકાય કે તેઓ ઉત્તર ગુજરાતના એક મહત્ત્વના વિદ્વાન સંશોધક - સંપાદક છે. તેમણે તલોદ અને એની આજુબાજુના વિસ્તારમાં ક્ષેત્રકાર્ય થકી ત્યાંના લોકજીવનમાં રહેલી લોકવાર્તાઓ,ઓઠાં,રેડી,શ્લોકા,ટોડ, લોકગીત વગેરેને ઉજાગર કરવાનો ભગીરથ પુરુષાર્થ કર્યો છે. આવનારા સમયમાં લોકસાહિત્યના સંશોધન-સંપાદનના મહત્વના સંગ્રહો પણ તેમની પાસેથી મળતા રહેશે,એવી અતૂટ આશા જરૂર બંધાય છે. તેમણે કરેલું કાર્ય અમૂલ્ય છે. જે આવનારી પેઢીઓને પણ સમજાશે. તેમણે કરેલ આ કાર્ય વિષયક સંગ્રહો અવારનવાર ગુજરાતની જુદી જુદી યુનિવર્સિટીઓના અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમમાં પણ મુકાતા રહ્યા છે. લોકસાહિત્યના મર્મજ્ઞ ડૉ.પ્રેમજી પટેલે ઉત્તર ગુજરાતના લોકસાહિત્યના સંશોધન ક્ષેત્રે કરેલ કામગીરીને ધ્યાને રાખીને તેમને તા.26/11/2024 ના રોજ ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય સંશોધન કેન્દ્ર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,રાજકોટ દ્વારા વર્ષ 2023 નો 'ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય એવોર્ડ' પૂ. મોરારી બાપુના હસ્તે એનાયત કરવામાં આવ્યો.